**આંક–૧ નીચે હુકમ**

(૧) સદરહું કેસ ત.ક.અમલદાર દ્વારા આરોપી વિરૂદ્ધમાં ઇ.પી.કો.કલમ–૧૮૮ **અને જી.પી.એકટની કલમ–૧૩૧(બી)(૪)** ના ભંગ બદલ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દ્વારા દાખલ કરવામાં આવેલ છે.

(૨) ચાર્જશીટ વંચાણે લેતા, પ્રથમ દર્શનીય ફલિત થાય છે કે ત.ક.અમલદાર દ્વારા આરોપી સામે ઇ.પી.કો.કલમ–૧૮૮ અને જી.પી.એકટની કલમ–૧૩૧(બી)(૪) મુજબનો જે ગુનો દાખલ કરવામાં આવેલ છે અને જેનો મુખ્ય આધાર કમીશ્નર સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરવા બદલનો છે. તે મે.કમીશ્નર સાહેબશ્રીનું ચાર્જશીટ તેમજ તેની સાથે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો વંચાણે લેતા ત.ક.અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ હોય તેવું ફલિત થતુ નથી.

(૩) વધુમાં ત.ક.અમલદાર દ્વારા સદરહું ચાર્જશીટના જે સાહેદોના નિવેદન રજુ કરવામાં આવેલ છે. તે સાહેદોના નિવેદન સ્ટીરીયો ટાઇપ હોવાનું પ્રથમ દર્શનીય જણાઇ આવે છે.

(૪) ઇ.પી.કો.કલમ–૧૮૮ વંચાણે લઇએ તો તે નીચે મુજબ છે.

**આઇ.પી.સી.ની કલમ–૧૮૮ રાજ્ય સેવકે રીતસર જાહેર કરેલ હુકમનું પાલન ન કરવા બાબતઃ–**

જે કોઇ વ્યક્તિ, કોઇ હુકમ જાહેર કરવાની કાયદેસર સત્તા ધરાવતા રાજ્ય સેવકે જાહેર કરેલા હુકમથી પોતાને અમુક કૃત્ય કરતાં રોકવા માટે અથવા પોતાના કબજાની કે પોતાના વહીવટ નીચેની અમુક મિલકતની અમુક વ્યવસ્થા કરવા માટે આદેશ થયો હોવાનું જાણવા છતાં તે આદેશનું પાલન ન કરે તેને,

જો એવી અવજ્ઞા, કાયદેસર રીતે કામે રાખેલી વ્યક્તિઓને અડચણ, ત્રાસ કે હાનિ ન પહોંચાડે અથવા પહોંચાડે તેમ હોય અથવા અડચણ, ત્રાસ કે હાનિનું જોખમ પેદા કરે તેમ હોય તો તેને એક મહિના સુધીની કેદની અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

અને જો એવી અવજ્ઞા માનવ જીવન, તંદુરસ્તી કે સલામતીને ભયમાં મૂકે અથવા મૂકે તેમ હોય અથવા તેથી હુલ્લડ કે બખેડો થાય અથવા થાય તેમ હોય તો તેને છ મહિના સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**સ્પષ્ટીકરણઃ** – ગુનેગારનો હાનિ કરવાનો ઇરાદો હોવો જોઇએ. અથવા પોતે કરેલી અવજ્ઞાથી હાનિ થવા સંભવ છે તેવું એના ખ્યાલમાં હોવું જોઇએ તે જરૂરી નથી. જે હુકમનું પોતે પાલન કરતો નથી તે હુકમની તેને જાણ હોય અને પોતે કરેલી અવજ્ઞાથી હાનિ થાય કે થવાનો સંભવ હોય તે પૂરતું છે.

આમ, ઉપરોકત ઇ.પી.કો.કલમ–૧૮૮ ની જોગવાઇ વંચાણે લેતા ફલિત થાય છે કે જ્યારે કોઇ રાજ્ય સેવક સત્તાની રૂએ જાહેરનામું બહાર પાડે અને તેનો કોઇ વ્યક્તિ દ્વારા ભંગ કરવામાં આવે તો તે ગુનાને ઇ.પી.કો.કલમ–૧૮૮ અન્વયે નોંધવામાં આવે છે.

(૫) જી.પી.એકટની કલમ–૧૩૧(બી)(૪) વંચાણે લઇએ તો તે નીચે મુજબ છે.

**131.**

(a) ...

**(b) abets the commission of any offence under clause (a) shall, on conviction be punished]**

(i) ...

(ii) ...

(iii) ...

**(iv) if the rule or order contravened was made under clause ( b) of sub-section (1) of section 33 and prohibits the sale or exposure for sale of any goods on any street or portion thereof so as to cause obstruction to traffic or inconvenience to the public - (a) for the first offence, with imprisonment for a term which may extend to one month or with fine which may extend to two hundred rupees or with both, and (b) for a subsequent offence, with imprisonment for a term which may extend to six months and with fine which may extend to five hundred rupees; and**

(v) ...

આમ, ચાર્જશીટમાં જણાવેલ હકીકતોની સાથે જી.પી.એકટની કલમ–૧૩૧(બી)(૪) અને ઇ.પી.કો. કલમ–૧૮૮ વંચાણે લેતા ફલિત થાય છે કે આરોપી વિરૂદ્ધમાં જાહેરનામાના ભંગ બદલ સદર કેસ દાખલ કરવામાં આવેલ છે.

(૬) ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ વંચાણે લઇએ તો તે નીચે મુજબ છે.

**<u>ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ કેટલાક પ્રસંગ કાર્યવાહી બંધ રાખવાની સત્તાઃ</u>–**

ફરિયાદ ઉપરથી હોય તે સિવાય માંડેલા કોઇ સમન્સ કેસમાં, પેહલા વર્ગના મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી લઇને બીજા કોઇ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ પોતે લિખિત કારણોસર કોઇ ફેસલો સંભળાવ્યા વિના કોઇ પણ તબક્કે કાર્યવાહી બંધ કરી શકશે અને મુખ્ય સાક્ષીઓનો પુરાવો નોંધવામાં આવ્યા પછી, એવી રીતે કાર્યવાહી બંધ કરવામાં આવી હોય ત્યારે નિર્દોષ ઠરાવ્યાનો ફેસલો સંભળાવી શકશે અને બીજા કોઇ પ્રસંગે આરોપીને છોડી દઇ શકશે અને છૂટકારાની છોડી મૂકવા જેવી અસર થશે.

આમ, ઉપરોકત કલમ વંચાણે લેતા ફલિત થાય છે કે, જ્યારે કોઇ સમન્સ કેસ ચાર્જશીટ દ્વારા દાખલ કરવામાં આવેલ હોય તો કારણોની નોંધ કરીને કેસનું પ્રોસિડીંગ્સ ટ્રાયલ દરમ્યાન ગમે તે સ્ટેજે સ્પોટ કરી શકાય છે.વધુમાં ફલિત થાય છે કે,ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ સમન્સ કેસને લાગુ પડે છે.

(૭) ચાર્જશીટમાં આરોપી સામે જે ગુનો નોંધવામાં આવેલ છે તે ગુનો ઇ.પી.કો.કલમ–૧૮૮ નો છે જેમાં પ્રથમ ભાગમાં સજાની જોગવાઇ એક મહિના સુધીની સાદી કેદની સજા અથવા રૂ.૨૦૦૦/– દંડ અથવા બંને અને બીજા ભાગમાં છ મહિનાની સજા અથવા રૂ.૧૦૦૦/– દંડ અથવા બંને અને જી.પી.એકટની કલમ–૧૩૧(બી)(૪) ના ભંગ બદલ પ્રથમ વખતના ગુના માટે આરોપી તકસીરવાન ઠર્યેથી એક મહિના સુધીની સાદી કેદની સજા અથવા રૂ.૨૦૦/–(અંકે રૂપિયા બસ્સો પુરા) સુધીનો દંડ અથવા બંને અને બીજા વખતના ગુના માટે આરોપી તકસીરવાન ઠર્યેથી છ મહિના સુધીની સાદી કેદની સજા અને રૂ.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) સુધીના દંડની સજાની જોગવાઇ કરવામાં આવેલ છે. આમ, સજાની જોગવાઇ ધ્યાને લેતા સદરહું કેસ સમન્સ ટ્રાએબલ કેસ છે તેમજ ત.ક.અમલદાર દ્વારા ચાર્જશીટમાં જે જાહેરનામાના ભંગ બદલ હાલનો કેસ દાખલ કરવામાં આવેલ છે તે જાહેરનામું રજુ કરેલ નથી અને સાહેદોના નિવેદનો સ્ટીરીયો ટાઇપ નોંધવામાં આવેલ હોય જેથી આરોપી સામે સદર ગુનાનું સંજ્ઞાન લઇ શકાય તેવો ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલ પુરાવો વંચાણે લેતા ફલિત થતુ ન હોય અત્રેની અદાલતને આરોપી સામેના સદરહું કેસની કાર્યવાહી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાતી હોય ન્યાયના હિતમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે નીચે મુજબનો હુકમ કરુ છું.

## –/હુકમ/–

આરોપી સામેના ઇ.પી.કો.કલમ–૧૮૮ અને જી.પી.એકટની કલમ–૧૩૧(બી)(૪) મુજબના ગુનાના કામે કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે બંધ કરી આરોપીને સદરહું ગુનામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતની સ્પેશ્યલ સિટીંગમાં જાહેર કર્યો.

તા.૧૩ /૦૫/૨૦૨૩
સુરત

**(આર.આર.બારીયા)**
ઇ.ચા– જયુડી.મેજી.ફ.ક.(ત્રીજી કોર્ટ)
સુરત